સંક્ષિપ્ત સમાચાર

ગુણસદા ગામમાં પુલિયું જર્જરિત બન્યું

સોનગઢ: ઉકાઈના નવનિર્મિત ગુણસદા ગામમાં જૂના જર્જરિત રસ્તા અને જીવલેણ બની ચૂકેલા પુલિયા પરથી ગ્રામજનો અવરજવર કરવા મજબૂર બન્યા છે. ગામની આ દુર્દશાને કારણે ગ્રામજનોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. સૌથી વધુ ભયાવહ સ્થિતિ ગામના ૪૫ વર્ષ જૂના કોઝવે કમ પુલિયાની છે. ચોમાસાની શરૂઆત થતાં જ આ પુલ પાણીમાં ગરકાવ થઈ જાય છે, જે ગ્રામજનો માટે જીવનું જોખમ બની રહે છે. શાળાએ જતા નાના બાળકો અને અન્ય ગ્રામજનોને જીવના જોખમે આ પુલ પાર કરવો પડે છે.

સાયણમાં ટેમ્પો હટાવવા બાબતે માથાકૂટ

સાયણ: સાયણ ટાઉનની રસુલાબાદ સોસાયટીમાં રહેતા શેખ અને મેમણ પરિવાર વચ્ચે ટેમ્પો હટાવવા જેવી નજીવી બાબતે ઝઘડો થયો હતો. ફરિયાદી સાલેહીન શેખ વરસાદના પાણીમાં ખોવાયેલી ટેમ્પોની ચાવી શોધી રહ્યો હતો, ત્યારે રસ્તો રોકવા બાબતે આફતાબ અને ઇસ્માઇલ મેમણે તેની સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. ત્યારબાદ શરીફ અને રફીક મેમણ પણ ત્યાં દોડી આવ્યા હતા. આ ચારેય શખ્સોએ સાલેહીનને ગાળો આપી, ઢીકામુક્કીનો માર માર્યો હતો અને શરીફે લાકડાના સપાટાથી ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે ઓલપાડ પોલીસે ચાર આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બારડોલીમાં ડૂબી જવાથી યુવાનનું મોત

બારડોલી: બારડોલીની મીંઢોળા નદીમાં ૩૨ વર્ષીય જીગ્નેશ ભીખુ રાઠોડ ગત રોજ મોડી સાંજે માછલી પકડવા ગયો હતો. દરમિયાન અચાનક ખેંચ આવતાં તે નદીના ઊંડા પાણીમાં ગરકાવ થયો હતો. બારડોલી ફાયર બ્રિગેડની ટીમે એક કલાકની ભારે જહેમત બાદ તેનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. ટાઉન પોલીસે પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

કડોદરા GIDCમાં બાઈકની ચોરી

પલસાણા: પલસાણાના તાંતીથૈયા ગામે શિવદર્શન સોસાયટીના પાર્કિંગમાંથી ઓમપ્રકાશ કોટારીયાની રૂ.૨૦,૦૦૦ની હીરો સ્પ્લેન્ડર પ્લસ બાઈક નં.(GJ-19-AP-1660) ગત ૧૦ જૂને રાત્રે અજાણ્યો શખ્સ સ્ટીયરિંગ લોક તોડી ચોરી ગયો હતો. આ અંગે કડોદરા GIDC પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કુંવારદામાં ભંગારિયા સામે કાર્યવાહી

હથોડા: સુરત જિલ્લા એસ.ઓ.જી. પોલીસે કોસંબાના કુંવારદા ગામે ભંગારના ગોડાઉનમાં તપાસ હાથ ધરી હતી. સંચાલક સાજીદ મુસ્તાક શેખે ત્યાં કામ કરતા પરપ્રાંતીય મજૂરો અને ફેરીવાળાઓનાં નામ-સરનામાં, ઓળખ કાર્ડ કે પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ રાખ્યાં ન હતાં. અધિક મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી પોલીસ મથકે વિગતો જમા ન કરાવતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે.

વાલોડના તાલુકા વિકાસ અધિકારીની બદલી

વાલોડ: વાલોડ તાલુકા પંચાયતના કાયમી TDO અમરતભાઈ આઈ. રાઠવાની બદલી અમરેલી ખાતે મદદનીશ પ્રાયોજના અધિકારી તરીકે કરાઈ છે. તેમના સ્થાને ખેડાથી સરફરાઝભાઈ વોહરાની નવા TDO તરીકે નિમણૂક થઈ છે. વાલોડમાં છેલ્લા ૧૮ મહિનામાં ૧૧ TDO બદલાતાં વહીવટી સ્થિરતા ખોરવાઈ છે. સતત બદલીઓ વચ્ચે અટકેલાં વિકાસ કાર્યોને ગતિ આપવી એ નવા TDO માટે મોટો પડકાર રહેશે.

વ્યારામાં ચેક બાઉન્સ કેસનો આરોપી ઝડપાયો

વ્યારા: વ્યારા પોલીસે ચેક બાઉન્સ કેસમાં ફરાર આરોપીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે. વ્યારાના છીરમા ગામનો અજય કલ્પેશ ચૌધરી કોર્ટ દ્વારા ચેક બાઉન્સ કેસમાં સજા ફટકારવામાં આવ્યા બાદ ફરાર હતો. જે આરોપીને પોલીસે ઝડપી પાડી સુરત લાજપોર જેલ ખાતે મોકલી આપ્યો હોવાનું જાણવા મળ્યું છે.

ઓલપાડના વેપારી સાથે રૂ.30 હજારની છેતરપિંડી

સાયણ: ફેસબુક પર સસ્તા ભાવે ઈંટો વેચવાની જાહેરાત જોઈ ખરીદી કરવાનું ઓલપાડના કેટરિંગ વેપારી પરેશ ઉપાધ્યાયને ભારે પડ્યું હતું. સુનીલ નામના અજાણ્યા ઠગે બજારભાવ કરતાં સસ્તી ઈંટો આપવાનો વાયદો કરી 30,000માં 5,000 ઈંટોનો સોદો કર્યો હતો. ગત 2 જુલાઈએ ઠગે અસલી વેપારી મુબારક પાસેથી ઈંટો ભરેલી ટ્રક મોકલી આપી હતી. ઈંટો ખાલી થતી વખતે ઠગે હોસ્પિટલનું બહાનું બતાવી ક્યુ.આર. કોડ મોકલી 30,000 પડાવી લીધા અને ફોન બંધ કરી દીધો હતો. અસલી માલિકને રૂપિયા ન મળતાં તે ઈંટો પાછી લઈ ગયો હતો. આ અંગે ઓલપાડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બારડોલીનાં ડો.જિલ શુક્લાનું સન્માન



બારડોલી: બારડોલીનાં વતની અને વોલોનિયમ ફાર્માનાં સ્થાપક ડો.જિલ શુક્લાને ફાર્માસ્યુટિકલ સંશોધન, હેલ્થકેર ઇનોવેશન અને ઉદ્યોગ સાહસિકતામાં નોંધપાત્ર યોગદાન બદલ આંતરરાષ્ટ્રીય સ્તરે સન્માનિત કરાયાં છે. ન્યૂયોર્કની વિશ્વપ્રસિદ્ધ સંસ્થા 'Marquis Who's Who' દ્વારા તેમને 'Women Defining Leadership' શ્રેણીમાં વિશિષ્ટ સન્માન એનાયત થયું છે. અગાઉ પણ સંસ્થાની ૧૨૫મી આવૃત્તિમાં તેમની પસંદગી થઈ હતી. ડો.જિલ શુક્લાની આ નવી વૈશ્વિક સિદ્ધિએ બારડોલી, ગુજરાત અને સમગ્ર ભારતનું ગૌરવ વધાર્યું છે.

બારડોલીમાં ABVPનો કાર્યક્રમ યોજાયો



બારડોલી: બારડોલીના પાટીદાર સમાજ હોલ ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના ૭૮મા સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. સુરત જિલ્લા પ્રમુખ જગદીશભાઈ કંથારિયાની ઉપસ્થિતિમાં રાષ્ટ્રનિર્માણમાં વિદ્યાર્થીઓની ભૂમિકા અંગે માર્ગદર્શન અપાયું હતું. વર્ષ ૨૦૨૬-૨૭ની નવી કારોબારીમાં ડો.મેહુલભાઈ મિસ્ત્રી પ્રમુખ, રોહિતભાઈ યાદવ મંત્રી અને ખુશીબેન સહમંત્રી તરીકે બિનહરીફ વરાયાં હતાં. પર્યાવરણ જતનના સંદેશ સાથે વૃક્ષારોપણ કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરાઈ હતી.

કામરેજમાં તાપી તટે માટી ધોવાણનો સરવે

તાલુકા પંચાયતના પ્રમુખ કૌશલ પટેલ સહિત અગ્રણીઓની સ્થળ મુલાકાત

વિશાલ પટેલ

કામરેજ: કામરેજ તાપી નદીના કિનારે વસેલું હોવાથી ભારે વરસાદના કારણે નદીમાં પાણીની આવક વધતાં કિનારાના વિસ્તારોમાં સતત માટીનું ધોવાણ થાય છે. આ વર્ષે પણ પ્રથમ જ ભારે વરસાદ બાદ ધોવાણ વધુ વેગવાન બન્યું છે. જેના કારણે નદી કિનારે આવેલી જમીન ધસી રહી છે અને ભૂસ્ખલનની ઘટનાઓ સતત વધી રહી છે.

ખાસ કરીને કામરેજ ગામના માછીવાડામાં છેલ્લા લગભગ બે દાયકાથી વસવાટ કરતા પરિવારો માટે આ સમસ્યા જીવલેણ બની ગઈ છે. વરસાદી પાણી અને નદીના જોરદાર પ્રવાહના કારણે ફળિયાની જમીન ધીમે-ધીમે ધોવાઈ રહી છે. અનેક સ્થળોએ જમીનમાં મોટી તિરાડો પડી ગઈ છે, જ્યારે કેટલીક જગ્યાએ જમીનનો મોટો ભાગ નદીમાં સમાઈ ગયો છે. ધોવાણ હવે રહેણાંક વિસ્તાર સુધી પહોંચી જતાં સ્થાનિક લોકોમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે. હાલમાં આશરે 200થી વધુ પરિવારોના મકાનો જોખમની ઝપેટમાં આવી ગયા છે. જો આગામી દિવસોમાં વધુ વરસાદ કે નદીમાં પાણીની આવક વધશે તો અનેક મકાનો ધરાશાયી થઈ શકે છે. આ ઘટનાનો અહેવાલ ગુજરાતમિત્રમાં પ્રસિદ્ધ થતાં શુક્રવારે સવારથી તાજેતરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ચુંટાયેલા તાલુકા પંચાયતના પ્રમુખ કૌશલ પટેલ તેમજ જિલ્લા પંચાયતના સભ્ય મહેશ સોલંકી, ડે.સરપંચ વિવેક ઉર્ફે ઉપેન્દ્ર ઓઝા, તલાટી સ્થળ પર દોડી ગયા હતા. સાથે વહીવટી તંત્રમાં મામલતદાર કામરેજ ટીમ સાથે દોડી જઈ સરવેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. બાદમાં તાપી પાળા પેટા વિભાગના ડે.એન્જિનિયર જિગ્નેશ પટેલ પણ ટીમ સાથે દોડી આવી સરવે કરવામાં આવ્યો હતો અને જણાવ્યું હતું કે, અગાઉ ડિસેમ્બર-જાન્યુઆરીમાં આ કામની સ્થિતિને ધ્યાનમાં રાખી હાઈડ્રોગ્રાફી સરવે અને સીલ સરવે કરાવવામાં આવ્યા હતા. તાત્કાલિક ડિઝાઈન મેળવી ગામલોકોને નુકસાન ન થાય એવી કામગીરી કરવાનું આયોજન છે.

કામરેજમાં તાપી કિનારે માટીના ધોવાણથી 200 પરિવારને જોખમ

તા.10-7-2026ના રોજ ગુજરાતમિત્રમાં છપાયેલો અહેવાલ

મહારાષ્ટ્રના કતલખાને લઈ જવાતી 17 ભેંસને બચાવાઈ

વાલોડ પોલીસની કાર્યવાહી, રૂ.8.41 લાખનો મુદ્દામાલ જપ્ત

વાલોડ: વાલોડના બાજીપુરા સુમુલ ડેરી ચાર રસ્તા નજીક નેશનલ હાઈવે નંબર-53 પરથી વાલોડ પોલીસે એક શંકાસ્પદ આઈસર ટેમ્પો નં.(GJ-23-AW-5032) અટકાવી પશુ તસ્કરીનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે ટેમ્પોની તપાસ કરતાં તેમાં ક્રૂરતાપૂર્વક ભરેલી 17 ભેંસ મળી આવી હતી, જેને પોલીસે બચાવી લીધી હતી. પશુ હેરાફેરી અંગેના કાયદેસરના કાગળો કે પાસ-પરમિટ ન મળતાં પોલીસે ટેમ્પો ચાલક એઝાઝ સલીમ જાકા અને ક્લીનર ઉવેશ અબ્દુલ ભવાયા (બંને રહે.,વલણ, તા.કરજણ, જિ.વડોદરા) ની સ્થળ પર જ અટકાયત કરી લીધી હતી. પકડાયેલા આરોપીઓની કડક પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ પશુઓ તેઓને વલણ ગામના જ મિનહાજ યાકુબ દરવેશ નામના શખ્સે ભરી આપ્યા હતા અને આ ભેંસો સોનગઢ થઈને મહારાષ્ટ્ર તરફ કતલખાને લઈ જવામાં આવી રહી હતી. વાલોડ પોલીસે રૂ.3.40 લાખની કિંમતની 17 ભેંસ, રૂ.5 લાખનો આઇસર ટેમ્પો અને રૂ.1,000નો મોબાઈલ મળી કુલ રૂ.8.41 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે બંને આરોપીની ધરપકડ કરી મિનહાજ દરવેશને વોન્ટેડ જાહેર કર્યો હતો.

કામરેજમાં એલ્યુમિનિયમ ઈમ્પોર્ટના નામે રૂ.17 કરોડથી વધુની ઠગાઈ

વધુ નફાની લાલચ આપી રોકાણકારોના કરોડો રૂપિયા ઓળવી જઈ ઘોરીબંધુ રફુચક્કર

કામરેજ: ધોરણ પારડી ગામ નજીક આવેલી સિધ્ધિ એન્ટરપ્રાઈઝ ફર્મના બે ભાઈઓએ એલ્યુમિનિયમ ઈમ્પોર્ટ કરવાના ધંધામાં રોકાણ કરી સારો નફો આપવાની લાલચે રોકાણકારો પાસે રૂ.17 કરોડથી વધુની રકમ લઈને બંને ભાઈ રફુચક્કર થઈ ગયા હતા.

પુણા ગામે ખાતે નાલંદા સ્કૂલ પાસે આવેલી દાનગીગેવ સોસાયટી-1માં મકાન નં.84માં કિશન ધનશ્યામ તલસાણીયા રહે છે. લસકાણા ખાતે સિધ્ધિ વિનાયક ઈન્ડસ્ટ્રિઝમાં પ્લાસ્ટિકની બોટલ બનાવે છે. ત્રણ વર્ષ અગાઉ મિત્ર દર્શક ઘરસંડિયા ધોરણ પારડીમાં ગાય પગલા રોડ પર સિધ્ધિ એન્ટપ્રાઈઝ ફર્મમાં લઈ ગયો હતો. ત્યાં દર્શકના મિત્ર સાવન કિશોર ઘોરી અને હર્ષિલ કિશોર ઘોરી (બંને રહે.,એ-1302, સિલ્વર પેલેસ, ઉત્રાણ, મૂળ રહે.,ભડી ભંડારિયા, જિ.ભાવનગર) સાથે ઓળખાણ કરાવી હતી. બાદ મિત્ર સાથે ઘણીવાર સાવન અને હર્ષિલ ઘોરીની ઓફિસ જતો હોવાથી બંને ભાઈઓ પોતાની ફર્મ એલ્યુમિનિયમ ઈમ્પોર્ટ કરવાનો ધંધો કરે છે, ભારતની અગ્રણી લાઈસન્સ ધરાવતી ફર્મ છે. જેમાં રસ ધરાવતા રોકાણકારો પાસેથી રૂપિયા લઈને ટેક્નિકથી રોકાણ કરી સારું એવું કમિશન લઈને રોકાણકારોને પણ સારો નફો આપીએ છીએ તેમ જણાવતાં કિશન પાસે રૂપિયાની સગવડ ના હોવાથી અલગ અલગ ફાઈનાન્સ કંપનીમાંથી લોન લઈને અલગ અલગ તારીખે એક વર્ષ અગાઉ રૂ.47 લાખ રૂપિયા ટ્રાન્સફર કરીને બંને ભાઈને આપ્યા હતા. સાવન અને હર્ષિલે બધા સાથે છેતરપિંડી કરી હોવાનું જાણવા મળતાં બંનેનો સંપર્ક કરતાં ચિંતા ન કરશો. તમારા રૂપિયા સેફ છે તેમ કહી થોડા સમય બાદ બંને ભાઈઓના મોબાઈલ પણ બંધ આવતા હતા. બાદ જાણવા મળ્યું કે, બંને ભાઈઓએ મિતેશ અનિલ શાહ પાસે રૂ.8,14,00,000, દર્શક રસીક ઘરસંડિયા પાસે રૂ.3,87,46,000, દીપ હસમુખ ઘરસંડિયા પાસે રૂ.20,00,00, કૌશિક ભીખુ ગેવરિયા પાસે રૂ.22,00,000, કેવલ હરેશ સતાસીયા પાસે રૂ.1,20,00,000, પ્રમિત રસીકલાલ માંકડિયા પાસે રૂ.3,00,00,000 મળી કુલ રૂ.17,10,46,000ની છેતરપિંડી કરતાં બંને ભાઈ સામે કામરેજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વલથાણમાં હાઈવે પર બાઈક સાઈડમાં મૂકી મહિલાનો આપઘાત

ફોઈના ઘરે બેગ લેવા ગયા બાદ પરત આવતાં સૃષ્ટિ ગોંડલિયાએ ઝેર પીધું

કામરેજ: વલથાણ પાસે બાઈક સાઈડમાં મૂકીને પાસોદરા પાટિયા બહેનના ઘરે રહેતી મહિલાએ ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.

મૂળ અમરેલીના ત્રંબકપુર ગામના વતની અને હાલ કામરેજના નવાગામની હદમાં પાસોદરા પાટિયા નજીક આવેલી સૌરાષ્ટ્ર ટાઉનશિપ વિભાગ-2માં ફ્લેટ નં.એ-4-403માં બહેનની સાથે રહેતી સૃષ્ટિબેન મગનભાઈ ગોંડલિયા (ઉં.વ.24) ગુરુવારે ફોઈના છોકરાના ઘરે બેગ રહી ગઈ હોવાથી બનેવી સાથે હોન્ડા સાઈન નં.(જીજે 05 એમપી 8427) પર સરથાણા જકાતનાકા ગયા હતા. ત્યાંથી બનેવીને કામ હોવાથી બાઈક સૃષ્ટિને આપી દીધી હતી. ફોન બનેવી પાસે રહી ગયો હતો. બપોરના 12.30 કલાક સુધી સૃષ્ટિ ઘરે ન આવતાં શોધખોળ કરતા હતા. ત્યારે રાહદારીએ બપોરે આશરે 1.10 કલાકે વલથાણ ગામની હદમાં મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નં.48 પર રોડની બાજુમાં લાડવી ગામ તરફ જતાં રોડ પર બાઈકની બાજુમાં ઝેરી દવા પી ઊલટીઓ કરતી મહિલાને જોતાં કામરેજ પોલીસને જાણ કરી હતી. પોલીસે કામરેજ પોલીસે બાઈક નંબરના આધારે મહિલાના પરિવારજનોનો સંપર્ક કર્યો હતા. મહિલાને સારવાર માટે 108માં સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. ટૂંકી સારવાર દરમિયાન મહિલાનું મોત નીપજતાં પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

કામરેજનાં છ ગામોમાં વરસાદી પાણી ભરાઈ જતાં સરવે કરાયો

કામરેજ: ત્રણ દિવસ અગાઉ કામરેજમાં એક જ દિવસમાં 16 ઈંચ વરસાદ વરસતાં પાણી ભરાઈ ગયા જતાં તાલુકા પંચાયતે સરવે કર્યો હતો. કામરેજમાં ચાર દિવસમાં એક જ દિવસમાં સવારથી સાંજ સુધીમાં 16 ઈંચ જેટલો વરસાર વરસતા તાલુકામાં અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જેને લઈ અનેક લોકોના ઘરોમાં વરસાદી પાણી ભરાઈ જતાં જાનમાલને ભારે નુકસાન થયું છે. ત્યારે કામરેજ તાલુકામાં તંત્ર દ્વારા નુકસાનીના સરવેની કામગીરી કરવામાં આવી હતી. સરવે દરમિયાન સરકારી સહાય માટે અલગ અલગ ગામોમાં કામરેજમાં 5, નનસાડમાં 8, વાવમાં 124, નવાગામમાં 133, કોસમાડામાં 102 અને ખોલવડમાં 103 મળી કુલ 475 ફોમ અલગ અલગ ટીમો દ્વારા ભરવામાં આવ્યા હતા. બાદ તમામને સરકારી સહાય તાલુકા પંચાયત દ્વારા ચૂકવવામાં આવશે.

કામરેજ પાસે દારૂ ભરેલો ટેમ્પો ઝડપાયો

પલસાણા: સુરત એલસીબીએ બાતમીના આધારે કામરેજના સેગવાની હદમાં ને.એક્સપ્રેસ હાઈવે નં-૪ પર નાકાબંધી કરી મુંબઈથી દિલ્હી જઈ રહેલા બોલેરો પિકઅપ ટેમ્પો નં.(GJ-36-V-7756)ને ઝડપી પાડ્યો હતો. ટેમ્પોની તલાશી લેતાં તેમાંથી સેલવાસથી મંગાવેલો રૂ.૨,૫૭,૧૩૬નો ૧૭૭૬ નંગ બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી દારૂ, રૂ.૫ લાખનો ટેમ્પો, મોબાઈલ અને રોકડ મળી રૂ.૭,૬૨,૩૪૬નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે ચાલક ભૂપતભાઈ ચૌહાણ (ચોસલા)ની ધરપકડ કરાઈ છે, જ્યારે દારૂ મંગાવનાર રતનલાલ ગુર્જર અને સેલવાસના બુટલેગરને વોન્ટેડ જાહેર કરી પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

લંડનના વિઝા મેળવવાની લાલચમાં બારડોલીનાં વૃદ્ધાએ ૬.૬૧ લાખ ગુમાવ્યા

સોશિયલ મીડિયા પર મિત્રતા કેળવી મહિલા પાસેથી ઠગે લાખો રૂપિયા પડાવ્યા

બારડોલી: બારડોલીના હિદાયતનગર વિસ્તારમાં રહેતાં ૭૦ વર્ષીય વૃદ્ધા સાથે વોટ્સએપ પર ઠગાઈનો કિસ્સો સામે આવ્યો છે. અજાણ્યા વ્યક્તિએ સોશિયલ મીડિયાના માધ્યમથી મિત્રતા કેળવી લંડન સેટલ થવાની અને આર્થિક મદદ કરવાની લાલચ આપી મહિલા પાસેથી કુલ રૂ.૬,૬૧,૦૦૦ પડાવી લીધા હોવાની ફરિયાદ બારડોલી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

ઘટનાની વિગત મુજબ નશીમબાનુ શેખને ગત એપ્રિલ મહિનામાં અજાણ્યા નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. કોલ કરનાર વ્યક્તિએ પોતાનું નામ 'કબીર' હોવાનું જણાવી મહિલાનો વિશ્વાસ જિત્યો હતો. આરોપીએ વિશ્વાસમાં લઈ જણાવ્યું હતું કે, તેની પાસે કરોડોની રોકડ અને સોનું છે, જેમાંથી તે મહિલાનું ઘર બનાવી આપશે અને તેમને લંડનના વિઝા પણ અપાવી દેશે.

ઠગાઈની પદ્ધતિમાં આરોપીએ ૧૦ લાખ રૂપિયાનો ચેક મોકલ્યો હોવાનું જણાવી તે પાસ કરાવવા માટે વિવિધ ફીના નામે વૃદ્ધા પાસેથી અલગ-અલગ બેંક ખાતાઓમાં પૈસા જમા કરાવ્યા હતા. ફરિયાદીએ પંજાબ નેશનલ બેંકમાં રૂ.૧૫,૦૦૦ અને રૂ.૧૧,૦૦૦ અલગ-અલગ તારીખે જમા કરાવ્યા હતા. ત્યારબાદ બેંક ઓફ બરોડાના ખાતામાં એરપોર્ટ એન્ટ્રી પરમિશન માટે રૂ. ૩૫,૦૦૦ જમા કરાવ્યા હતા. ત્યારબાદ પંજાબ નેશનલ બેંકમાં પાર્સલ વીમાના નામે રૂ.૧,૯૫,૦૦૦ જમા કરાવ્યા હતા. અંતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ટેક્સ અને વિઝા ફીના નામે કુલ રૂ. ૪,૦૫,૦૦૦ જમા કરાવ્યા હતા. કુલ રૂ.૬,૬૧,૦૦૦ ગુમાવ્યા બાદ પોતે છેતરાયા હોવાનું જણાતાં મહિલાએ સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ તેમણે બારડોલી પોલીસ સ્ટેશનમાં આ મામલે કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કીમમાં 47 વર્ષીય મહિલા ગુમ

કીમ: ઓલપાડના કીમ સ્થિત ભક્તિનગરમાં રહેતાં 47 વર્ષીય વીણાબેન ટેલર ગત 8 જુલાઈથી રહસ્યમય સંજોગોમાં ગુમ થયા છે. પરિવારજનોની શોધખોળ બાદ પણ ભાળ ન મળતાં પુત્ર માનવે કીમ પોલીસમાં જાણવા જોગ નોંધ કરાવી છે. પોલીસે મહિલાની શોધખોળ હાથ ધરી છે.

ઉશ્કેર ગામમાં લાખોની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો



હિતેશ પટેલ

દાહોદની 'મેડા ગેંગ'ના 9 સાગરીત ઝડપાયા

માંડવી: માંડવી: તડકેશ્વર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ઉશ્કેર ગામમાં આરીફ મહમદ શેખના ઘરેથી રૂ.26.05 લાખની રોકડ અને સોનાના દાગીનાની ચોરી થઈ હતી. સુરત ગ્રામ્ય એલ.સી.બી.ની ટીમે ટેકનિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે કીમ રોડ પર નાકાબંધી કરી, સફેદ રંગની ઈકો કાર નં.(GJ-17-CK-8727)માંથી દાહોદ-પંચમહાલની કુખ્યાત 'મેડા ગેંગ'ના 9 સાગરીતોને ઝડપી પાડ્યા છે. તપાસમાં બહાર આવ્યું કે ફરિયાદીના ખેતરમાં મજૂરી કરતા વિનોદ વસાવાએ 'ટીપર' તરીકે ઘરની તમામ માહિતી ગેંગને આપી ચોરીનું આયોજન કર્યું હતું. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.12,45,500 નો મુદ્દામાલ કબજે કર્યો છે. ઝડપાયેલા આરોપીઓમાં વિનોદ લલ્લુ વસાવા, વનેશ પાંગળા પુનીયાભાઈ મેડા, નરવતસિંહ નાનુ રાઠવા, ઈશ્વર ભારતા દિત્યા મેડા, ટીનુ પાંગળા દલસીંગ મેડા, શૈલેષ નવલસિંગ મેડા, નરૂ કાળીયા રેવલા પરમાર, જયંતી શેલુ રળતીયા રાઠવા અને મનહર નાનજીનાઈનો સમાવેશ થાય છે.

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૨૯/૨૦૨૬
તા.૧૯/૦૬/૨૦૨૬

વાદી :- ટીનાબેન માનસિંગભાઈ વસાવા, રહે.ઝોડા ફળિયું, તોગાપુર, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૪૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ઉશ્કેર રામકુંડ ગૃપ ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૪૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ટીનાબેન માનસિંગભાઈ વસાવા, રહે. ઝોડા ફળિયું, તોગાપુર, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૪૦એ તેઓના માતા જતનબેન માનસિંગભાઈ વસાવાનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: જતનબેન માનસિંગભાઈ વસાવા ૨. મરણ તારીખ: ૦૯/૦૬/૨૦૧૧ ૩. મરણનું સ્થળ: મોજે.તોગાપુર, તા.અરેઠ, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે જતનબેન માનસિંગભાઈ વસાવાના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૦/૦૮/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૭૩/૨૦૨૬
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૦૯/૦૭/૨૦૨૬

વાદી: ગિરીશભાઈ ડાહ્યાભાઈ સોલંકી, રહે. ૨૪૫, પ્રિયંકા ગીનસીટી, મુ.પો.કડોદરા, તા.પલસાણા, જિ.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી સબ-રજીસ્ટ્રારશ્રી કડોદરા નગરપાલિકા, તા.પલસાણા, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી ગિરીશભાઈ ડાહ્યાભાઈ સોલંકી, રહે. ૨૪૫, પ્રિયંકા ગીનસીટી, મુ.પો.કડોદરા, તા.પલસાણા, જિ.સુરતના માતા પાર્વતીબેન ડાહ્યાભાઈ સોલંકીનું મરણ તા.03/01/2015 ના રોજ કડોદરા, તા.પલસાણા, જિ.સુરત ખાતે થયેલ છે અને તેઓના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૧૩/૦૮/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૯/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

જાહેર નોટીસ - શ્રી એન.વી.સાવલા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,ભરુચ શહેરની કોર્ટમાં તાલુકા સેવા સદન, ભરુચ શહેર, જિ. ભરૂચ ફોન: 02642-299121 ઈ-મેઈલ: mam-bha-city@gujarat.gov.in

ક્રમાંક:જન્મ-મરણ/એસ.આર.10/2026 તારીખ :- 07-07-2026

અરજદાર: દલાલ ઈકબાલહુશેન મોહંમદભાઈ રહે.ઈ-૨૧૬૫, શક્કરકુઈ, ગોલવાડ, સૈયદવાડ નજીક, ભરુચ

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી અને જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી, ભરુચ નગરપાલીકા તા. ભરુચ શહેર, જી.ભરુચ

વિષય: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની કાર્યવાહી

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારના નામે દલાલ ઈકબાલહુશેન મોહંમદભાઈ નો તારીખ: 05-12-1956ના રોજ ઈ-૨૧૬૫, શક્કરકુઈ, ગોલવાડ, સૈયદવાડ નજીક, ભરુચ મુકામે જન્મ હોય, તે બાબતે સામાવાળા તેમની કચેરીના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરે તેવો હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજી દાખલ કરેલી છે. જેની સામે કોઈપણ વ્યક્તિને વાંધો હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) સુધીમાં અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર રહી જાણ કરવી. જો મુદતમાં વાંધો રજુ કરવામાં નહી આવે તો નિયમ અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ 07 માહે જુલાઈ 2026 ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કર્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (શ્રી એન.વી.સાવલા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભરુચ શહેર

Milano MULTIPLEX
બારડોલી
Dhamaal 4
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 09:30pm, 10:00pm
Alpha
02:00pm, 05:00pm
Welcome To The Jungle
10:50am
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333